## એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૯ માં, અમદાવાદ

**ફોજદારી કેસ નં.199179/2024**

**ફરિયાદી** : સરકારશ્રી

વિરુધ્ધ

**આરોપી** : સાધનાબેન વા/ઓ જીતસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ

**ગુન્હો:– <u>ધી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૮૧, ૩૨૪(૧), ૧૨૫(એ) તથા મોટર વ્હીકલ એકટ કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) મુજબ.</u>**

**(૧)** આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં મુખ્ય જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના કચેરી આદેશ મુજબ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીંટીગનું આયોજન કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપીએ હાજર થઈ ગુનાની કબુલાત અંગે પુરશીસ રજુ કરતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે. જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે,આ કામના આરોપી સામે ધી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૮૧, ૩૨૪(૧), ૧૨૫(એ) તથા મોટર વ્હીકલ એકટ કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતા, તેમજ **<u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨) ૯૭૪</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ **<u>ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, તેમજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:

**-: હુ ક મ :-**

**૧.** આ કામના આરોપી-સાધનાબેન વા/ઓ જીતસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણને ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૫૨ અન્વયે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૮૧ રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા), ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૩૨૪(૧) અન્વયે રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એક સો પુરા), ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૨૫(એ) અન્વયે રૂા.૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા) તથા મોટર વ્હીકલ એકટ કલમ - ૧૮૪ અન્વયે રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) તથા મોટર વ્હીકલ એકટ કલમ-૧૭૭ અન્વયે રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એક સો પુરા) એમ સયુંકત રીતે આરોપીને રૂ.૩૨૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર બસ્સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાઁ આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દિન-૧૫ (પંદર) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** કિમતી મુદ્દામાલ અથવા મોબાઈલ ફોન/વાહન બાબતે કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવામાં આવે છે. જો કિમતી મુદ્દામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો તે બાબતે અલગથી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ વેલ્યુબલ મુદામાલ ના હોય તેવા મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી ધોરણસર નાશ કરવો.

આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૪/૧૨/ ૨૦૨૪
સ્થળ:- અમદાવાદ

( કમલેશ નાથાભાઈ પ્રજાપતિ )
૫માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઈન્ચાર્જ કોર્ટ નં.૧૯, અમદાવાદ શહેર
(કોડ જીજે-૦૦૮૮૬)